ગુજરાત સમાચાર

## ટોલટેક્સ ઘટાડવાની નોબત આવી ત્યારે ભારત સરકારની ગુંલાટ

# ટોલટેક્સમાં ૬૦ ટકાનો ઘટાડો કરવાની શરતનું સરકાર જ પાલન કરતી નથી

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,ગુરૂવાર

બિલ્ટ ઓપરેટ અને ટ્રાન્સફરથી સિસ્ટમથી પ્રાઈવેટ પબ્લિક પાર્ટનરશીપમાં ભારત સરકારની નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા અમદાવાદ મુંબઈ વચ્ચેના બનાવવામાં આવેલા રોડ બાંધ્યા પછી, પોતાના ઈન્વેસ્ટમેન્ટ નીકળી જાય અને નક્કી કરેલા ભાવ પ્રમાણેનો તેમનો નફો પણ મળી જાય તે પછી ટોલટેક્સના દરમાં ૬૦ ટકાનો ઘટાડો કરી દેવાનો ભારત સરકારે કરેલા નિયમનું પાલન ન કરીને ટોલના દરમાં ૬૦ ટકાનો ઘટાડો કરવામાં આવતો નથી. તેને પરિણામે ઉદ્યોગ પર ટોલટેક્સનો મોટો બોજો આવી રહ્યો છે. ભારત સરકાર પોતે બનાવેલો નિયમ પાળવા તૈયાર નથી. આ નિયમ મુજબ અમદાવાદથી મુંબઈ જતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર લેવામાં આવતા ટોલટેક્સના દરમાં ઘટાડો કરવા ભારત સરકાર તૈયાર નથી.

## અમદાવાદ મુંબઈના હાઈવે પર લેવાતા રૂ.૫૫૦૦ના ટોલટેક્સ સામે માત્ર રૂ. ૨ ૨૦૦ લેવાનો કાયદેસર અધિકાર

અમદાવાદ વડોદરા એક્સપ્રેસવેથી આગળ વડોદરા દહીંસરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રોજની ૧૦,૦૦૦થી ૧૨,૦૦૦ ટ્રકો વેપાર ઉદ્યોગના માલની હેરફેર કરવા અવરજવર કરે છે. તદુપરાંત ૯૦,૦૦૦થી વધુ અન્ય વાહનોની અવરજવર રોજ આ માર્ગ પર થાય છે. પરિણામે એક જ દિવસમાં વાહન માલિકો પાસેથી ઓછામાં ઓછો ૨૦ કરોડનો વધારાનો ટોલ ટેક્સ વસૂલી લેવામાં આવે છે.

ખાસ કરીને વડોદરાથી દહીંસર ધોરી માર્ગ બિલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (બાંધો, આપેલા દરે ટોલટેક્સ લેવાની છૂટ આપવામાંઆવેલી છે. આ સમયગાળો પૂરો થઈ ગયા બાદ રસ્તાની માલિકી સરકારને નામે ટ્રાન્સફર કરી દેવાની અને ત્યારબાદ



નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયાની અમદાવાદ સ્થિત ઓફિસે આ રસ્તાઓ પરના ટોલટેક્સમાં નિયમ પ્રમાણે ઘટાડો કરીને ૪૦ ટકા કરી દેવાનો સમય આવી ગયો હોવાનું કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન ખાતાને જાણ કર્યું ત્યારે આ રીતે ટોલટેક્સમાં કોઈ જ ઘટાડો કરવાની જરૂર ન હોવાનું કેન્દ્રના માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીના મંત્ર્યાલયમાંથી સૂચના આપવામાં આવી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાની અમદાવાદ કે ગુજરાત સ્થિત કચેરી પોતાની મેળે આ અંગે કોઈ જ નિર્ણય લઈ શકતી

### અમદાવાદ-મુંબઈના આ ટોલ પ્લાઝા પર લેવાતા નીચે દર્શાવેલા ટોલમાં શરત મુજબ ૬૦ ટકાનો ઘટાડો કરવો પડે

| ટોલપ્લાઝા | કાર-જીપ-વાન સિંગલ-રિટર્ન | એલસીવી સિંગલ-રિટન | બસ-ટ્રક સિંગલ-રિટન | થ્રી એક્સેલ સિંગલ-રિટન | ૪-૬ એક્સેલ સિંગલ-રિટન | એચસીએમ સિંગલ-રિટન | ૭ એક્સેલ સિંગલ-રિટન |
|---|---|---|---|---|---|---|---|
| બોરિઆચ | ૬૫-૯૫ | ૧૧૦-૧૬૫ | ૨૨૫-૩૩૫ | ૩૬૦-૫૪૦ | ૩૬૦-૫૪૦ | ૩૬૦-૫૪૦ | ૩૬૦-૫૪૦ |
| ભગવાડા | ૭૫-૧૧૦ | ૧૨૫-૧૯૦ | ૨૫૫-૩૯૦ | ૪૧૦-૬૧૫ | ૪૧૦-૬૧૫ | ૪૧૦-૬૧૫ | ૪૧૦-૬૧૫ |
| ચારોટી | ૬૫-૧૦૦ | ૧૧૫-૧૭૫ | ૨૩૦-૩૫૦ | ૩૭૫-૫૬૦ | ૩૭૫-૫૬૦ | ૩૭૫-૫૬૦ | ૩૭૫-૫૬૦ |
| ખાનીવાડા | ૭૫-૧૧૦ | ૧૨૫-૧૯૦ | ૨૫૫-૩૮૦ | ૪૧૦-૬૧૫ | ૪૧૦-૬૧૫ | ૪૧૦-૬૧૫ | ૪૧૦-૬૧૫ |
| ચોર્યાસી | ૮૦-૧૨૦ | ૧૪૦-૨૧૦ | ૨૮૦-૪૨૫ | ૪૫૫-૬૮૦ | ૪૫૫-૬૮૦ | ૪૫૫-૬૮૦ | ૪૫૫-૬૮૦ |

નથી. તેથી તેમણે પણ જૂની સિસ્ટમ ચાલવા દીધી છે. ફેબ્રુઆરી ૨૦૨૧થી આ મુદત પૂરી થઈ ગઈ છે. છતાંય આજે ૬૦ ટકા ઘટાડેલો નહિ, પૂરો ટોલ ટેક્સ લેવામાં આવી રહ્યો છે. વડોદરાથી દહીંસર સુધીના માર્ગ પર રોજના ૧ લાખથી વધુ વાહનો પસાર થતાં હોવાનો અંદાજ છે. આ વાહનોમાંથી દસથી બાર હજાર તો મલ્ટી એક્સેલ ટ્રક્સ હોય છે. આ રોડ પર તેમણે એક વાર પસાર થવા માટે રૂા. ૫૫૦૦નો ટોલટેક્સ ચૂકવવો પડે છે. આ ટોલટેક્સને નિયમ મુજબ ૪૦ ટકા કરી દેવામાં આવે તો તેમનો બોજો રૂા.૩૩૦૦ ઘટીને રૂા.૨૨૦૦નો થઈ જાય તેમ છે. તેનાથી નિકાસકારોને પણ મોટી રાહત મળે તેમ છે. આ રસ્તાઓ પર નિયમિત જતાં વાહનોને માસિક પાસ પણ આપવામાં આવે છે.

### વડોદરા -દહીંસર ધોરીમાર્ગ પર રોજની ૧૨,૦૦૦ ટ્રક અને ૯૦,૦૦૦ વાહનોની અવરજવર

ચલાવો અને તમારા એટલે કે રસ્તા બનાવનાર ખાનગી કંપનીનો નફો નીકળી ગયા પછી) એટલે કે રસ્તો સરકારને હવાલે કરી દોની નીતિ સાથે હવે દરેક રસ્તાઓ વિકસાવવામાં આવી રહ્યા છે. નેશનલ હાઈ વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા બી.ઓ.ટી.ની શરતે રાષ્ટ્રીય ધોરી માર્ગ તૈયાર કરાવે છે. તેમાં રસ્તો બાંધ્યા પછી તે માર્ગ પરથી પસાર થતાં વાહનો પાસેથી ટોલટેક્સ ઉઘરાવવાની રસ્તો બાંધનાર કંપનીને સત્તા આપવામાં આવે છે. આ રીતે ઉઘરાવવામાં આવતા ટોલટેક્સની રકમમાંથી કંપનીના ઈન્વેસ્ટમેન્ટ, વ્યાજ અને નફાની રકમ નીકળી ગયા પછી તે રસ્તા પર લેવાતા ટોલટેક્સના દરમાં ૪૦ ટકાનો ઘટાડો કરી દેવાની શરત રાખવામાં આવી છે. આ શરત મુજબ ટોલ ટેક્સ ઘટાડવાનો સમય આવ્યો ત્યારે કેન્દ્રના માર્ગ પરિવહન વિભાગે ટોલ ટેક્સ ઘટાડવાની ધરાર ના પાડી દીધી છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૮ પર બોરિયાએ ખાતે બિલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફરની શરતે સુરત-દહીંસર વચ્ચે રૂા. ૨૫૨૮.૫૭ કરોડના ખર્ચે બાંધવામાં આવેલા ૨૯૭ કિલોમીટરના રસ્તા પર કંપનીને ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી સરકારે નક્કી કરી

રસ્તાને સપાટી સારી રહે તે રીતે તેને અસ્ફાલ્ટિંગ કરવા માટે મેઈન્ટેઈન ઓપરેટ એન્ડ ટ્રાન્સફર(એમ.ઓ.ટી)ની શરતે સરકાર પોતે કે અન્ય કોઈ કંપનીને રસ્તો ચલાવવા માટે આપે છે. હા, ત્યારબાદ તેના પર પહેલા દિવસે નક્કી કરવામાં આવેલા અને વચગાળામાં વધારવામાં આવેલા ટોલટેક્સની જે રકમ થતી હોય તેમાં ૬૦ ટકા ઘટાડો કરી દઈને માત્ર ૪૦ ટકા રકમ જ ટોલટેક્સ તરીકે લેવાની બી.ઓ.ટી.ની શરતમાં જ નક્કી કરવામાં આવેલું છે. પરંતુ